નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઈ–સામયિક)

જૂન ૨૦૧૫ વર્ષ – ૪ અંક – ૩ સળંગ અંક – ૨૦



તંત્રી-સંપાદક
યોગેશ વૈદ્ય

o 'નિસ્યંદન' વિશે

o મૂલતઃ ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમ જ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.

o લવાજમ : આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા

o 'નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો : અમારી વેબસાઇટ http://yogish.co.in પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઇડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી submit કરો.

અથવા

https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVI4YWZmNHpXVF9VS3R4cnc6MQ

કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.

o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા. કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.

o *અપ્રગટ રચનાઓ જ મોકલશો . બ્લોગ / વેબસાઇટ પર મુકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં .*

o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર/ લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)

o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.

o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.

o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*

o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

o ટપાલ દ્વારા - યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ - ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.

o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com

o વેબસાઈટ - http://yogish.co.in

o બ્લોગ - http://yogesh-vaidya.blogspot.com

o ફેઇસબુક પેઇજ https://www.facebook.com/Nisyandan

પરામર્શક

જનક દવે

સાહિલ

શશિકાંત ભટ્ટ 'શૈશવ'

જિતુ પુરોહિત

*

આ અંકના ફોટો-કલાકાર

ઈદ્રૂસ અર્સયાદ

(Idrus Arsyad)

*

પરિકલ્પના અને સજાવટ

યોગેશ વૈદ્ય

*

પ્રૂફરીડિંગ

જિતુ ત્રિવેદી

*


ટેકનિકલ સહયોગ

ગુંજા વૈદ્ય મંદાર દવે

અનુક્રમ

(પૃષ્ઠ નંબર પર ક્લિક કરો અને સીધા ઇચ્છિત પૃષ્ઠ પર પહોંચો, પૃષ્ઠના તળિયે મૂકેલ સંજ્ઞા ⤻ પર ક્લિક કરી અનુક્રમ પર પરત આવો)

સંપાદકીય



"અમે પ્રતિબદ્ધ છીએ અમારી સંસ્કૃતિમાં કવિતાની બળૂકી ઉપસ્થિતિ માટે. ઉત્તમ કવિતાઓને શોધી કાઢી તેનાં ઉજવણાં કરવા અને તેને સમાજના શક્ય તેટલા વિશાળ સમૂહ સમક્ષ મૂકી આપવી એ અમારો અસ્તિત્વ-મંત્ર છે."– આ ઉચ્ચારો છે અમેરિકાના શિકાગો શહેરમાં આવેલી કવિતાને વરેલી નામાંકિત સંસ્થા પોએટ્રી ફાઉન્ડેશનના. અમેરિકાના જનસમાજમાં કવિતાને તેના ઊંચા સ્થાને બેસાડવામાં બીજી સંસ્થાઓ સાથે આ સંસ્થાનો પણ મોટો ફાળો છે. એક રીતે આ સંસ્થા કવિતાની વિશ્વની સહુથી મોટી સંસ્થાઓમાંની એક છે. તેના ઉદ્દેશોમાં કવિતા માટેના ભાવકવર્ગનો વિસ્તાર કરવો તે મુખ્ય છે.

પોએટ્રી ફાઉન્ડેશન તેના નવા અવતારે અસ્તિત્વમાં આવ્યું ૨૦૦૩માં જ્યારે રૂથ લીલી નામક પરગજુ સન્નારીએ પોએટ્રી મેગઝીનને ૨૦ કરોડ ડોલરનું દાન આપ્યું. પણ તેની પિતૃસંસ્થા મોડર્ન પોએટ્રી એસોસિએશન કે જે ૧૯૪૧માં સ્થપાયેલી. તેણે ૧૯૧૨માં હેરીએટ મોનરો દ્વારા શરુ થયેલું કવિતાનું સામયિક 'પોએટ્રી'નું પ્રકાશન કર્યું હતું. હાલ આ પ્રસિદ્ધ સામયિકનું પ્રકાશન પોએટ્રી ફાઉન્ડેશન દ્વારા થઈ રહ્યું છે.

આ સંસ્થાને પોતાની અદ્યતન, આલીશાન અને નમૂનારૂપ ઇમારત છે. તેમાં એક લાયબ્રેરી, એક શ્રવણખંડ, સભાખંડ અને અન્ય અનેક સુવિધાઓ છે, જેમાં આખું વર્ષ ભરચક કાર્યક્રમો આયોજિત થાય છે. તેની અનેક પ્રવૃત્તિઓમાંની એકની વાત કરું તો તે હાઇસ્કૂલ લેવલની કાવ્યપઠનની સ્પર્ધા યોજે છે અને પ્રથમ આવનારને ૨૦૦૦૦ ડોલરનું અધધ પરિતોષિક આપે છે. આ ઉપરાંત કવિતાના ઘણાં ક્ષેત્રમાં પારિતોષિકો આપે છે જેની અમેરીકામાં પ્રતિષ્ઠા છે.

સંસ્થાની લાયબ્રેરીમાં ૩૦૦૦૦ પુસ્તકો અને બાળકો માટેનો અલાયદો વિભાગ છે. તેને પોતાનું દૃશ્ય-શ્રાવ્ય કેન્દ્ર છે જ્યાં સતત રેકોર્ડિન્ગ્ઝ થતાં રહે છે. 'પોએટ્રી ટુર' એ તેનું એક ધ્યાન પાત્ર નજરાણું છે. તેની ડિજિટલ લાયબ્રેરીમાં ૨૧૦૦૦થી વધુ કવિઓની કૃતિઓ સચવાયેલી છે. સંસ્થાનું અમેરીકાની ટેલીવિઝન સમાચાર સેવા 'પીબીએસ ન્યુઝઅવર' સાથે જોડાણ છે. હા, ત્યાંના સમાચારોમા કવિતાને પણ સ્થાન મળે છે. 'એચ.બી.ઓ.' ચેનલ પર સંસ્થા દ્વારા બાળકવિતા પર કાર્યક્રમો પ્રસારિત થાય છે. તેના 'ન્યૂ યોર્ક ટાઇમ્સ' સાથેના જોડાણને લઈને તે સમાચારપત્રમા કવિતા વિષેના લેખો નિયમિત પ્રગટ થાય છે. સંસ્થા 'પોએટ્રી રેડિયો પ્રોજેક્ટ' ઉપર પણ કામ કરી રહી છે. સંસ્થાને પોતાની વેબસાઈટ ઉપરાંત મોબાઈલ એપ. પણ છે.

ટૂંકમાં શરૂઆતમાં મેં ટાંકેલ તેનાં અવતરણોને અક્ષરશઃ વળગી રહીને કવિતાને સમાજના શક્ય તેટલા બહોળા વર્ગ સુધી પહોંચાડવાનો એક પણ માર્ગ તે છોડતી નથી. સમાજમાં કવિતાનું તેનું ગરિમાપૂર્ણ સ્થાન અપાવવાના ખરા અર્થમાં ભગીરથ કાર્યો કરી રહી છે આ અને આવી સંસ્થાઓ. અને હા, આ સંસ્થા ખરા અર્થમાં 'સ્વાયત્ત' પણ છે !

અહીં આ સંસ્થા વિષે લખીને હું અમેરીકાની સાહિત્યિક સંસ્થાઓની ભૌતિક સમૃદ્ધિની કે તેના વ્યાવસાયિક અને વ્યાપારિક અભિગમની આંધળી આરતી નથી ઉતારી રહ્યો. અને પૈસાના જોરે થતું કવિતાનું માર્કેટિંગ અને બ્રાન્ડિંગ તો આપણે ત્યાં પણ છાનાં પગલે પાછલે દ્વારેથી પ્રવેશી ચૂક્યું છે એ પણ આપણે જાણીએ જ છીએ (અને માણીએ પણ છીએ). આતો આપણી બન્ને સાહિત્યિક સંસ્થાઓની હાલત જોઈને વ્યથિત થયેલા મારા મનને આવું કંઈક લખવાથી કદાચ થોડી શાતા મળે અને આ વાંચીને તમને પણ શાંતિ થાય. એટલું જ માત્ર..

૦ યોગેશ વૈદ્ય **તારીખ: ૩૧. ૭. ૨૦૧૫**

મેટામોર્ફોસીસ



હવે તેને કોઈ
તેનું નામ –
ઉમર જાતિ ધર્મ ધંધો
આવક અભ્યાસ કે રહેઠાણ
એવું કંઈ જ પૂછશો નહિ
સસ્તા અનાજની દુકાને રોજ રોજ
શું શું બન્યું તે પણ નહિ
ભીડમાં રોજ ડાબી બાજુએ જ ચાલવાથી
ક્યાં ક્યાં ઈજાઓ થતી
તે પણ નહિ
બજારમાં તેને તેનાં ખિસ્સાં
કેટલી વાર ફંફોસવાં પડતાં
તે પણ નહિ
દરેક વખતે તે ભોંઠો પડે તેવું
કંઈ જ પૂછશો નહિ
કોઈ નિસ્બત હોય તેનાથી તો
આટલું પૂછજો :
કાલે મૉલના વિરાટકદ અરીસામાં
તેણે તેના પ્રતિબિંબમાં શું જોયું ?
તેને એવું કેમ લાગ્યું કે તેના
આખા ડીલ પર
ઊન ઊગી નીકળ્યું છે ?
તે રાજી થઈને પછી
પેલા પ્રવાહમાં કેમ ભળી ગયો ?
પણ તેને
તેનું નામ-
ઉંમર જાતિ ધર્મ ધંધો
આવક અભ્યાસ કે રહેઠાણ
એવું કંઈ જ પૂછશો નહિ !

મહેન્દ્ર જોષી

માછલી વિષે એક ફેન્ટસી

દિવસભર વરસાદ
રાતે સ્વપ્નમાં આવ્યું ગળાડૂબ પાણી
મદ્યાર્ક જેવું

પાણીમાં તરતી આવી રંગબેરંગી માછલીઓ
દરિયામાંથી તો કોઈ નદી-તળાવ કે સરોવરમાંથી
કોઈ તો કાચની દીવાલ તોડીને

માછલીઓ ! અહા! માછલીઓ !
એકમેકને ગળે મળી પછી નાચ-ગાન
પછી ખાણી-પીણી જલસો ....

ભાંગતી રાતે સહુ માછલીઓએ વિદાય લીધી
એક માછલી ખૂણામાં બેસી રડે
કહે :
'હું નહિ જાઉં !
હું તો દમયંતીકાળથી છું
કાચની દીવાલ તોડી ભાગી આવી છું
રહું તો કોઈ કવિના મનમાં રહું !'

ત્યારથી
એ માછલી મારા મનમાં રહી
નિત્યનૂતન ક્રીડા કરે છે
હું લખતો રહુ છું કવિતા
તે સ્વૈરવિહારી માછલીની
જ્યારે વરસાદનું
મને સ્વપ્ન આવે છે
સ્વપ્નમાં આવે છે ગળાડૂબ પાણી .....

મહેન્દ્ર જોષી

ખિસ્સાંમાં હાથ રાખીને ચાલતો માણસ



એણે પોતાને જ ચલાવવાની કળ જાણે ખિસ્સાંમાં સંતાડી રાખી હોય
એમ બન્ને હાથ ખિસ્સાંમાં રાખીને એ ચાલે છે.
એ ચાલતો હોય છે ત્યારે એના બે-ત્રણ પડછાયા પડે છે
જાણે એ ઘેરાઈને ચાલી રહ્યો છે કોઈકથી.
કે કોઈક એને ચાલવાની દોરવણી આપી રહ્યું છે.


એ ચાલે છે તો નક્કી ક્યાંક પહોંચશે જ.
એ માણસ ખિસ્સાંમાં હાથ રાખીને
જાણે નિયંત્રિત કરી રહ્યો છે પોતાની ગતિ.
કદાચ પોતાનું લક્ષ્ય એ શોધી રહ્યો છે.
કદાચ ગૌમુખીમાં માળા છુપાવી રાખીને
નામસ્મરણ કરી રહેલા કોઈ ભક્તજન જેમ
એ મનોમન કશુંક ગોખી રહ્યો છે
જે ગોખી રાખવું બહુ જરૂરી છે એણે ટકવા માટે.
કદાચ એ ખિસ્સાંમાં સંતાડી રહ્યો છે કચકચાવીને વાળેલી મુઠ્ઠી.

પોતાને જ વેંઢારીને ચાલી રહેલા એ માણસે
ચહેરા પર ચોંટાડી રાખ્યું છે હાસ્ય.
એ ભૂલી ગયો છે કે તે સતત હસ્યા જ કરે છે,
ગમે ત્યારે, ગમે તે પરિસ્થિતિમાં.
પોતાને પણ ખબર ન પડે તેમ હસવાનું એને ફાવી ગયું છે.
અને ફાવી ગયું છે ખિસ્સાંમાં હાથ રાખીને ચાલવાનું.

રમણીક અગ્રાવત



ઉદ્ધવ ગીત



ઉદ્ધવ ! અમને ટૂંકી પછેડી નડી !
કોયલના સ્વાર, પતંગિયાંની હરફર
ઉદ્ધવ ! કૈંક વાર મેં બાંધી ;
પવન-પડીકે અજવાળું બાંધ્યું
મુઠ્ઠીમાં ઝકડી લીધી આંધી,
ગઈ બાંધવા માધવને તો
જનમ જનમની તૂટી ગઈ છે કડી !
ઉદ્ધવ ! અમને ટૂંકી પછેડી નડી !

નંદ-જશોદા સમેત સઘળાં પૂછે
ઉદ્ધવ ! જમુના કાંઠે જઈ;
કેમ વધાર્યાં ગોકુળનાં દુઃખ
ક્હાનાને વચ્ચેથી મારગ દઈ ?
ભોગવતી એ ચરણસ્પર્શનું ફળ
એની કાયા કાળી થૈ પડી !
ઉદ્ધવ ! અમને ટૂંકી પછેડી નડી !

વિરુ પુરોહિત





ચોગમ ચગાવશે..

એનાં ગૃહીતો અર્થનું આસન ડગાવશે !
મારા ઉપર ભાષા સમું શાસન જમાવશે !

પામ્યું હતું નિર્માણ એ બિસમાર સ્વપ્ન પર,
એથી જ આ બ્રહ્માંડ અચંબો પમાડશે !

સઘળાં વલણમાં લક્ષ્યનો સંદર્ભ હોય છે,
ઊગ્યું તણખલું એકદા ઝાકળ ઉઠાવશે !

એની કને છે જન્મથી ક્ષમતા પ્રસારની,
વૃક્ષો, રહસ્યો ગેબ-રચનાનાં ઉઘાડશે !

વ્યાપક ફલકનું મૂળ છે સામાન્ય ધારણા,
એક બુદ્બુદોયે સૂર્યને ચોગમ ચગાવશે !

વિરુ પુરોહિત

ત્રણ ગઝલ

૧

અજવાળાના ટેકે બારે નીકળવું છે ઉચાટમાંથી
ખોવાયેલો સૂરજ પાછો જડી ગયો છે કબાટમાંથી

તમારું સર્જન તમારા કરતાં જરાય ઊણું ઊતરશે નૈ
તમે મને જો ઘડ્યો તો હું પણ ગઝલ ઘડું છું અઘાટમાંથી

બોર્ડ ઉપરનું ઉકેલતાં ટીચરના ધબ્બાએ શીખવ્યું છે
બીજા ઘણાય કક્કા શીખ્યા અમે આ કોની થપાટમાંથી

એકલતા હોલવવા માટે ગયા સૂર્યમાળાથી આગળ
બધેય શોધી કિંતુ એવી ફૂંક ન નીકળી વિરાટમાંથી

તિલક કર્યું તે સાંજ થતાંમાં પરસેવા સાથે નીતરતું
કદાચ એમ જ કદીક મારું નસીબ ટપકે લલાટમાંથી

કુલદીપ કારિયા



૨

માન્યું કે આંખમાં કશું સંઘરી રખાય નૈ
કિંતુ મળ્યું છે સ્વપ્ન જે સાકાર થાય નૈ

વાતાવરણમાં સાંજનું ગળતર થયા કરે
ઘરમાં રહેલો સૂર્ય તો પણ ગૂંગળાય નૈ

ચોમેર ભૂરા રંગનો અફસોસ છે, નરેશ
ટચસ્ક્રીન છે આ આભ પણ સ્પર્શી શકાય નૈ

પાછું વિરાટ મૌનને ઝોલું ચડી ગયું
નવરાશ હોય એટલે કંઈપણ લખાય નૈ

કુલદીપ ધ્યેયહીન છે એમાં નવાઈ શું
ખૂશ્બુ તો વિખેરાય એ કેન્દ્રિત થાય નૈ

કુલદીપ કારિયા



3

હજી સુધી ક્યાં વહી શકી છે હોવા ના હોવાની ચર્ચા
સૌથી જૂની હિમનદી છે હોવા ના હોવાની ચર્ચા

કાલે સાંજે સાવ ખચોખચ વિચાર વચ્ચેથી નીકળતાં
ખિસ્સામાંથી પડી ગઈ છે હોવા ના હોવાની ચર્ચા

સઘળાં દશ્યો કાન દઈને સાંભળવા બેઠા નિરાંતે
આંખોમાંથી વહી રહી છે હોવા ના હોવાની ચર્ચા

જ્ઞાની, પંડિત, મૂઢ બધાયે એની પાછળ એવા પાગલ
જાણે કોઈ સોનપરી છે હોવા ના હોવાની ચર્ચા

વૃક્ષ ભલેને હજાર વર્ષો પહેલાં વાવ્યું હોય પરંતુ
કૂંપળ જેવી નવેનવી છે હોવા ના હોવાની ચર્ચા

સતત દૂર જઈ ઉત્તર-દક્ષિણ દિશા બનેલા ઘરના છેડા
ભેગા કરવા કદી મથી છે હોવા ના હોવાની ચર્ચા?

કુલદીપ કારિયા

પુલ પર કામ કરતા લોકો



શહેરના ભરચક રસ્તાઓને
એકબીજા સાથે જોડતા પુલ પર
કામ કરતા લોકોના મોં પર
થોડી નિરાંત દેખાય છે –
કારણ કે પુલનું કામ
લગભગ પૂરું થવામાં છે.
પહેલાં રોજ સવારે ઊઠીને
કપચીનું, ડામરનું મશીન લઈ જતો માણસ
પુલ પર ધીરે ધીરે આગળ વધતો,
પાછળ ડામર બરાબર પથરાયો છે કે નહીં
તેનું ધ્યાન રાખતો.
રસ્તા પર ઊભેલો
કોન્ટ્રાક્ટર જેવો માણસ,
પેલા મશીનવાળા માણસને અને
ડામર સરખો કરતા માણસોને
સૂચનાઓ આપતો.
પુલની નીચે ભરચક ટ્રાફિકમાં,
કેટલીક સ્ત્રીઓ મોટા મોટા બ્રશ વડે,
રસ્તા પરની ધૂળ, કપચી
બાજુ પર કરતી રહેતી.
પુલ સાથે બાંધેલા દોરડાને આધારે
કેટલાક માણસો
સળિયા બાંધતા, ગોઠવતા.
કેટલીક વાર ભર બપોરે
ત્યાંથી પસાર થઈએ તો
લોટાને મોંએ માંડ્યા વગર
અધ્ધરથી પાણી પીતા માણસોના ગળા
પાણીની છાલકથી
બહારથી પણ ભીના થતા
જોઈ શકાય.
રાત્રે ત્યાંથી પસાર થઈએ તો
પુલ નીચે બાંધેલા
હંગામી ખોરડાનો અસબાબ
બલ્બના અજવાળે
ઘડીક નજરે પડે –
ગોદડીઓ, માટલું, ચાદર, પોતડી,
રાંધવા માટેનું એલ્યુમિનિયમનું હાંલ્લું દેખાય.
હું દેશીવાદમાં માનતી નથી
પણ આવા વિષયની કવિતા લખવી
મને ગમે છે જેમ કે,
પુલ પર કામ કરતા લોકો.
છેવટે પ્રશ્ન તો
એક માણસ બીજા માણસને
સમજી શકે
એ જ હોય છે ને !

ઇંદુ જોશી

વિલય

સફેદ વસ્ત્રો અને લાલ અંગોછા પહેરી
ડાઘુઓ ઊભા છે ટોળાબંધ.
ઉનાળામાં ઊભરાતી કીડીઓ
કોણ જાણે ક્યાંથી આવે તેમ
એકઠા થાય બીજા પણ.
ક્યારેક વાતોનો વિષય શોધતા, ક્યારેક મૌન.
એમ્બ્યુલન્સ આવી લઈ જાય
ડેડ બૉડીને.
ફૂંક મારી ઓટલા પરની ધૂળ ખસેડીએ
એમ ખસી જાય છે ડાઘુઓ
આઘાપાછા.
અને હવે
એ માણસ પોતાની મૃત માની બધી વિધિ પતાવી
હાફપેન્ટ પહેરીને
ફોડેલી માટલીનાં ઠીકરાંઓને
વાળી રહ્યો છે.

ઇંદુ જોશી

મોગરાનાં ફૂલ

આમ જ મારાં મોગરાનાં ફૂલ
લઈ જાય છે બધા.
મને એની સુગંધ બહુ ગમે,
માએ ઉગાડેલી વર્ષો પહેલાંની
મોગરાની વેલ-
તે એની ફૂલ આવવાની ઋતુ પણ
એવી કે મે મહિનો બરાબર જામે
ને અહીં વેલ પર મોગરાનાં ફૂલ.
જોકે ફૂલ વીણવાનો સમય મને ન મળે.
ક્યારેક સવારે અગાસીએ ચડી હોઉં ત્યારે
ત્યાં સુધી પહોંચતી વેલ પર,
ઝૂમખે ઝૂમખાં ફૂલ જોઈ ખુશ થાઉં.
એક તોડું અને સૂંઘું ત્યાં ફેલાઈ જતી
એની સુગંધ શાંત પાડી દે મારા મનને.
એટલે મને ન જ ગમે
એકેય ફૂલ વેલ પર ન રહે એ રીતે
ફૂલ વીણતા લોકો.
મારી માએ ઉગાડેલી વેલનાં ફૂલ
આમ જ થોડાં લઈ જવાય!

ઇંદુ જોશી





અવાચ્ય

ઉકેલવા મથું
આંખો ગરકાવ થાય કાદવમાં
નર્યો અંધકાર
ગળાડૂબ ઘાસ વચ્ચે
આંસુ
બખિયા ભરે છે લીલપની છાતીને
તનતોડ મહેનત
ડામર પર સુકાતી પસીનાની ગંધ
લોહીમાં વગડે
લળી પડતી ડોક
મગરમચ્છના મોઢા વચ્ચે જીવ
લપસિયાં ખાય
કદીક
ઉંબરે
બધું સહ્ય પણ
અક્ષર તો અભેદ્ય
તાણો તો તૂટે નહીં
કાપો તો કપાય નહીં
ખરખર ખર્યા કરે
વાતાવરણમાં ધુમ્મસ
ઉધાર ચોપડાઓ હવે પીળાપચ્ચ
બોબડી બખોલો બકબક કરે
ને કતારબંધ કીડીઓ
ડાબો જમણો ડાબો જમણો
ડબ ડબ ડબ ડબ
જમ જમ જમ જમ

નરેશ સોલંકી

ગઝલ- ૧



રમમાણ એવા થઈ ગયા તમે દીધા ચપટીક નેહમાં
ન ભીના થયાં કોઈ મેહમાં, ન બળી શક્યા કોઈ ચેહમાં

હવા જેમ જીવ હરે-ફરે અહીંથી પણે-પણેથી પણે
ન પૂછો છતાંય જીવી રહ્યા છીએ કેટકેટલી શેહમાં

સદા હાંસિયામાં સ્વયંથી પણ જુદા થઈ જીવ્યા છીએ જિંદગી
છતાં જાત ખુદની નિરાળી છે આ સમયના હરએક વેહમાં

ભલે હોય નકરો ભરમ છતાં એ ભરમ ગમે છે હજી મને
આ જગતને કંઈયે ખબર નથી- શું ખુશી મળી મને છેહમાં

કદી કામના કીધી આસમાનનો અંશ થાવાની ક્યાં અમે
છીએ અંશ ખેહનો ને અમે મળી જાશું આખરે ખેહમાં

અમે ઓઢી ઓઢણી મેઘધનુની આ વિશ્વ આખું ખૂંદી વળ્યા
છતાં કેમ લાગ્યા કરે છે અમને જીવી રહ્યા છીએ ગેહમાં

હતી ક્યાં ખબર- પહેલું પગથિયું પતનનું 'સાહિલ' એ હતું
અમે સ્વર્ગ છોડીને દર્પણોને સ્વીકાર્યાં જ્યારે સુલેહમાં.

'સાહિલ'



ગઝલ-૨

તમે છો સમયનાં સપન સમાં- હું અધૂરો કોઈ ખયાલ છું
તમે ખુદ ખુદાઈ જવાબ છો- હું અધૂરો કોઈ સવાલ છું.

મને સામે મળતાં હરેક શખ્સની આંખમાં છે અધૂરપો
છતાં આ જગતની નજર મહીં- હું અધૂરો કોઈ કમાલ છું

તમે જેમ ચાહ્યું એ સ્વાંગમાં રહું છું હું આઠે પ્રહર છતાં
મને આયનો જોઈ લાગતું- હું અધૂરો કોઈ જમાલ છું

હું નહીં છિપાવી શકું તરસ- મને માફ કર રણદેવતા
સરોવરના ખોળે જનમ છતાં- હું અધૂરો કોઈ પખાલ છું

હજી માંડ માંડ દુ:ખોની સાથે ઘરોબો બાંધી શક્યો છું હું
ન ખુશીને મોકલો આ તરફ – હું અધૂરો કોઈ મલાલ છું

હું બહાર છું યા તો છું ભીતર- મને ખુદને પણ નથી કૈં ખબર
ભલે માનો પૂરો થયેલો પણ – હું અધૂરો કોઈ નિકાલ છું

છું પતન ને ઉન્નતિનાં તમામ સ્વરૂપથી હુંય જ્ઞાત છું
છતાં લોક માટે 'સાહિલ' હજી – હું અધૂરો કોઈ જલાલ છું

'સાહિલ'



ગઝલ-૩

આ હકીકતોની ખરાઈ કરવી છે કિંતુ કરવી ખરાઈ ક્યાં
જો પ્રવાસ રણનો જ હોય તો પછી ભાવનાઓ ભીંજાઈ ક્યાં

પછી એકલાપણાની પીડા પીડે તો પીડે મને શી રીતે,
તમે દૂર જિંદગીથી થયાં- પરંતુ તમારી દુહાઈ ક્યાં

એ ઊણપને કારણે જન્નતો લઈનેય હું શું કરું ખુદા !
બધાં સુખ છે હાથવગાં છતાં કહો જીવવાની લડાઈ ક્યાં


ચહેરાઓ વાંચવાની રમત મને જ્ઞાન એટલું આપી ગઈ,
જો મિલનમાં કોઈ મિલન નથી તો જુદાઈમાં છે જુદાઈ ક્યાં

અમે મૂળિયાં સુધી પહોંચીને છીએ મૂળથી અળગા હજી,
નથી કલ્પનાયે કરી શક્યા બધી કામના કોહવાઈ ક્યાં

પૂરી જિંદગી સમજાવતો રહ્યો છું હૃદયને એટલું
હો સ્વયં ભરમથી ભર્યો ભર્યો પછી જાત સાથે ઠગાઈ ક્યાં

પરેશાનીમાં એ જ વાતથી પરેશાન 'સાહિલ' હું રહ્યો,
બધું પારદર્શક છે છતાં- બધાં સગપણો અરીસાઈ ક્યાં

'સાહિલ'





Colours of Life.

At this edge, I have a life – some black and blue,
Colours varied today – amongst it, as I saw through,
Blacks observed brighter under lights,
And tingy greys seen, while they were whites.
Wonders worked when I had lost all hopes,
Friends went away and foes were all copes,
But I saw the differences too late –
Compromises were keys for hate.
Sunny days – I spent with splendor,
Paths were calm when I ran through calendar,
Difficulties then seen as insoluble,
Pictures today seem easy and consolable.
Relations that mattered the most,
Had been developed at any cost,
Tougher had been with as times passed by,
Interpretations mattered only and as casted by.
Colours changed with eyes ageing,
Body grew feeble and found self- caging,
Blacks, browns, greys and whites,
Chewing facts with maturity and rough bites,
Yellows, reds, greens and blues,
Lead a life – some merry and some teary hues.

Bavli Purohit

મલયાલમ કવિ એસ. જૉસેફ



પીયૂષ ઠક્કર

એસ. જૉસેફનો જન્મ ૧૯૬૫માં કોટ્ટાયમ જિલ્લામાં થયો- કારીગરોના કુટુંબમાં. એસ. જૉસેફ જન્મે ખ્રિસ્તી અને કુટુંબ સામ્યવાદી. એટલે એમના ઘડતરમાં દેવળોનું વાતાવરણ ન હતું. ૧૯૭૦ના ગાળે નક્સલવાદી ચળવળ ચરમ પર હતી. જૉસેફને એનું આકર્ષણ ખરું; પણ આઘેથી એ બધું જોતો રહેતો. નક્સલવાદીઓ કેરળના સામાજિક જીવનના ટીકાકાર હતા તેમજ તેઓ પોતાનાં કાર્યો દ્વારા, સાહિત્ય દ્વારા અને લઘુ સામયિકો દ્વારા અંતે તો એક સમાંતર ચેતનાનું સર્જન કરી રહ્યા હતા.

દલિત આંદોલનોનું પણ જૉસેફને આકર્ષણ ખરું, જોકે એમાં સીધેસીધી હિસ્સેદારી નહીં. જૉસેફ કહે છે, 'ખ્રિસ્તી તરીકે આમ તો હું દલિત જ ગણાઉં. હિન્દુઓ અને એનાં દુઃખો સાથે જોડાયેલી આ ચળવળમાં મારા નામને ને મારી સંસ્કૃતિને કોઈ લેવાદેવા નથી'. તેમ છતાં કેટલીક બાબતો સાથે તેઓ સંમત થાય છે અને એમાં સહકાર પણ આપે છે. એમનું માનવું છે કે 'કવિતા એ તો કવિતા જ છે. કોઈ પણ પ્રકારની ચળવળમાં એને બાંધવી ન જોઈએ. કવિતા તો સંદિગ્ધતા અને સ્વપ્નો માટેની જગા છે. આદિવાસી બાળકો, માછીમારો, લુહારોને મેં ભણાવ્યું છે. એમની વચ્ચે જીવ્યો છું. મારી સમજણ છે કે મારી કવિતા છેવાડાના માણસોની છે. મુખ્યધારાથી તરછોડાયેલા હાંસિયાના માણસોની છે. નક્સલવાદી કવિતામાં પણ આ વર્ગની, આ જગતની ઝાંખી મળતી નથી.'

પત્તીનામનીની સરકારી ગામઠી શાળામાંથી જૉસેફે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. પછી ઈટ્ટુમુરની હાઇસ્કૂલમાં પ્રવેશ લીધો. કુરાવિલંગડની દેવીમાર્થા કૉલેજમાંથી ઉચ્ચતર માધ્યમિક શાળાનું શિક્ષણ મેળવી બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. થિરૂવંતપુરમની યુનિવર્સિટી કૉલેજમાંથી મલયાલમમાં અનુસ્નાતકનો અભ્યાસ કર્યો. એમનું માનવું છે કે તેઓ પોતે સ્વશિક્ષિત છે. ભાષા પરનું એમનું પ્રભુત્વ અને કવિતા માટેનો એમનો અભિગમ પોતાના પરિશ્રમને આભારી છે. એમણે કરેલો પ્રશિષ્ટ કૃતિઓનો ઊંડો અભ્યાસ ખપ લાગ્યો છે. આકાર, લય અને છંદોની સમજણ એમાંથી એમને લાધી હતી. વળી પોતે સંસ્કૃત વૃત્તોમાં પણ લખી શકે છે.

જૉસેફ સોળ વર્ષની વયથી કવિતા લખતા આવ્યા છે. 'એનો અર્થ એ થયો કે મારો લેખન ઈતિહાસ સદીના ચોથા ભાગનો છે', જૉસેફ કહે છે. તેઓ એક સજાગ રૂપવાદી કવિ છે. છંદ પ્રયોગોમાં, કાવ્યોમાં વજન પ્રમાણે વર્ણોના પ્રયોજનમાં, વાક્યની દીર્ઘતા સાથે અને અવાજોના એકમો બાબતે કવિ તરીકે એમની કારકિર્દીના આરંભથી જ એમનો ઝોક રહ્યો છે. એમની અપેક્ષા એક એવી સૌંદર્યધારણાનું તેમજ ભાષાનું નિર્માણ કરવાની છે કે જે એમના જગત વિશે સાંપ્રત સમયની બાનીમાં વાત કરી શકે. જોકે, આ હજી એમને પોતે પણ કરવું બાકી છે, એમ અમનું કહેવું છે.

જૉસેફે પૂરેપૂરી સમજદારીથી અને નર્મમર્મથી લખ્યું છે. વિચારી વિચારીને લખ્યું છે, શ્રમ કર્યો છે. માત્ર કસબ નથી કેળવ્યો, હથોટી નથી મેળવી પણ વિભિન્ન વિષયો પર વાત કરી શકે એવી સજગતા કેળવી છે. જૉસેફના બહુચર્ચિત લેખમાં તેઓ લખે છે, 'બધી જ કવિતાના હાર્દમાં ગદ્ય છે. અને જે કવિતા માત્ર ગદ્ય હોય તે અકવિતા છે... પારંપરિક કવિતાએ આકાર અને છંદ તો હસ્તગત કર્યા પણ એમાંથી સરવાળે કેટલાક અનુભવો અને માણસોની બાદબાકી થઈ ગઈ. આ એ જ એક રીત એવી હતી કે જેના કારણે કવિતાને કાવ્યમયતા પ્રાપ્ત થઈ અને ગદ્યને પોતાનું ઋત મળ્યું. કવિતા હવે વિસરાયેલા સમુદાયોને શોધી રહી છે. એમના અનુભવોનું ગદ્ય કવિતામાં પ્રવેશી રહ્યું છે.

કવિ–વિવેચક ઈ. વી. રામકૃષ્ણનના મતે જૉસેફની કવિતાનો સંબંધ લઘુ સામયિકોની સાંસ્કૃતિક પૂંજી સાથે છે.

" પારંપરિક કવિતાએ આકાર અને છંદ તો હસ્તગત કર્યા પણ એમાંથી સરવાળે કેટલાક અનુભવો અને માણસોની બાદબાકી થઈ ગઈ. આ એ જ એક રીત એવી હતી કે જેના કારણે કવિતાને કાવ્યમયતા પ્રાપ્ત થઈ અને ગદ્યને પોતાનું ઋત મળ્યું. કવિતા હવે વિસરાયેલા સમુદાયોને શોધી રહી છે. એમના અનુભવોનું ગદ્ય કવિતામાં પ્રવેશી રહ્યું છે. "



એસ. જૉસેફ

વિવેચકોનું માનવું છે કે જૉસેફની કવિતાની ભૂમિ ચોંકાવનારી રીતે નવીન છે. અજાણી જગાઓનો એમાં પ્રવેશ છે. એમનાં કાવ્યો નવા પ્રેક્ષકોને સંબોધે છે. જૉસેફ પણ એ બાબતે સંમત છે. તેઓ કહે છે, ‘મલયાલમ કવિતા કેરળ પ્રદેશના મધ્યભાગે સીમિત રહેતી આવી છે. આપણે નથી તો કાંઠા જોયા કે નથી ડુંગરા જોયા. કાંઠા ને ડુંગરા તો મહેનતકશ લોકોની જગાઓ છે. કાંઠાના લોકોની કવિતા લખનારો હું પહેલો હતો. જોકે હું પોતે માછીમાર નથી પણ હું ત્યાં રહ્યો છું. એ ભૂભાગનું કૌવત અને ત્યાંનું લોક મારો કેડો મૂકતાં નથી. જૉસેફનો બીજો કાવ્યસંગ્રહ *મીનાકરણ*(૨૦૦૫). એમાં એમની ખૂબજ જાણીતી કવિતા ‘કોટ્ટા’ મળે છે. જૉસેફનાં મા છાબડી બનાવે છે. જુદી જુદી જગાએથી મેળવેલી વસ્તુઓ વડે છાબડી બનતી હોય છે- ડુંગરાની, ડાંગરનાં ખેતરોની, કાંઠાની. – વળી એક છાબડી ક્યાં ક્યાં નથી જતી. વપરાશ પણ કેટલો જુદો. કવિતાની જેમ જ એનો અર્થ થાય સંક્રમણ. જૉસેફ કહે છે, ‘મેં કવિતા વિશે પણ કાવ્યો લખ્યાં છે’. પ્રકૃતિ તો એમની કવિતામાં હોય છે જ. જોકે, અહીં અજાણી ચીજો સહિત અજાણ્યાં ઝાડવાં ને અજાણ્યાં પ્રાણીઓ પણ જોવા મળે છે. વળી પ્રકૃતિના તત્ત્વો જેમ કે પવન, પાણી ને પથ્થર પણ ખરાં.

જૉસેફનો પહેલો કાવ્યસંગ્રહ, *કરુથા કલુ*(૨૦૦૦)માં ઓળખ બાબત પ્રકાશ પાડતાં કેટલાંક કાવ્યો છે. ‘મારા બાપા પથ્થરના કામદાર છે. હું પણ પથ્થરોમાં કામ કરતો. પથ્થર તો નક્કર ચીજ છે. એ પોચટ નથી. મારુ જીવન મેં પથ્થરોમાં કોર્યું છે.’ એમનો છેલ્લો કાવ્યસંગ્રહ *આઈડેન્ટીટી કાર્ડ*(૨૦૦૬)માં ઘણાં પ્રેમ કાવ્યો છે. સંગ્રહનું શીર્ષક જે કવિતા ઉપરથી અપાયું છે તે કવિતામાં એક દલિત ખ્રિસ્તી છોકરાની વાત છે. એ ઉચ્ચ વર્ગની છોકરીના પ્રેમમાં પડે છે. દરમિયાન એનું ઓળખપત્ર ખોવાય છે. એ ઓળખપત્ર છોકરીને હાથે ચઢે છે. ઓળખપત્ર પર લાલ શાહીમાં નોંધાયેલી કેટલીક વિગતો પર છોકરીનું ધ્યાન જાય છે. દલિતને મળતા સ્ટાઇપેંડનો એમાં હિસાબ છે. કાર્ડ અને સ્ટાઇપેંડ એની જાતિનું ચિહ્ન સાબિત થાય છે. પરિણામે છોકરી સાથેનો સંબંધ તૂટે છે. જોકે, જૉસેફ નકારાત્મક અભિગમ ધરાવતા નથી. તેઓ કહે છે, ‘પ્રેમ તો એક ચળવળ છે. એ થાય છે ત્યારે એ ઓળંગે છે ઘણીયે સરહદો. પ્રેમના વિષયમાં અભ્યાસ થવો જોઈએ. બીજા પ્રદેશો કરતાં વધારે તો કેરળમાં એણે જીવનને બદલ્યું છે. અગાઉના વખતમાં મિશ્ર સંબંધો ઘણા હતા.’

સ્ત્રીઓ એમની કવિ-કલ્પનાના કેન્દ્રમાં છે. ‘કવિતા તો સ્ત્રી છે. હું એને જમીન પર આવવા કહું છું. મલયાલમ કવિતાએ તેને ક્યાંક ઉર્ધ્વમાં કેદ કરી રાખી છે. હું કહું છું કે તું મારાં ઘાસછાયા ઝૂપડે વ...’ એમ કહેતાં જૉસેફ લાલિમાને યાદ કરે છે, ‘લાલિમાને ખેંચ આવતી. એનું કુટુંબ એને બકરીઓ ચરાવવા મોકલતું. લાલિમા મારે ઘેર આવતી. હું એની ભેગો બકરીઓ ચરાવવા જતો. એ વિશે મારી એક કવિતા છે. મલયાલમ કવિતા તો હિન્દુ છે. તમને ત્યાં લાલિમા નહીં જડે. જોકે, હવે ઘણો બદલાવ આવ્યો છે. અન્વર અલી, વિરાનકુટ્ટી, નાઝીમુદ્દીનનાં કાવ્યો હવે આપણી પાસે છે ને!’

સૌજન્ય: No Alphabet in Sight: New Dalit Writing from South India, Dossier: Tamil & Malayalam, Penguin Pulication-2011 માં સંકલિત કવિના પરિચયાત્મક લેખનો મુક્ત અનુવાદ



ઢળતી સાંજે દારૂને પીઠે
મિસ્ત્રી બોલ્યો:
તારું આ કામ નઈ
તું બબડે છે ઘણું
વળી ખોવાયેલો જ હોય
છે
હથોડી મંગાવું તો પાવડો
ધરે છે
ને કપચીની જગાએ ઈંટ
તારું આ તગારું ઉપાડ ને
ભાગ અહીંથી

એસ. જૉસેફ



૧. ઓળખપત્ર

વિદ્યાર્થીકાળે
એક છોકરી હસતી–મલપતી આવેલી

ભાત અને વરાળિયું ભેળવતાં
અમારા હાથ મળેલા

પાટલીએ બેઠાં તો બન્યાં
હિન્દુ–મુસ્લિમ પરિવાર

નેરુદાનાં કાવ્યો વાંચતાં
મારો સમય પસાર થયો
ને એમાં જ તે ખોવાયું
મારું ઓળખપત્ર

એ બોલી,
મારું ઓળખપત્ર ધરતાંઃ
તારા સ્ટાઇપેંડનું ખાતું
લાલ શાહીમાં આંક્યું છે.

હવેના વખતમાં
એકબીજાંમાં ગુલતાન છોકરા–છોકરીઓને જોતો નથી
થોડાક દહાડામાં છૂટાં પડશે જ
જો કદાચને તેઓ ફરી ભેગા પણ આવી મળે
તો ય મને આશ્ચર્ય થશે નહીં.

એમના ઓળખપત્રમાં
લાલ શાહીમાં હિસાબ નહીં હોય.

એસ. જૉસેફ
(કે. સચ્ચિદાનન્દનના અંગ્રેજી અનુવાદને આધારે)

૨. મિસ્ત્રી

એક વખત હું મિસ્ત્રી પાસે નોકરીએ રહ્યો
બપોરે વાળુ કરી
ગમાણની અડધી ભીંતે બેઠો હતો
એક પંખી કેળું કોચતું હતું
પકડી લઉં કે ?
પીળચટા પપય્યાનું પાન લસરકતું નીચે આવે છે
એની પોલી દાંડીની વાંસળી કરી લઉં કે!

ઢળતી સાંજે દારૂને પીઠે
મિસ્ત્રી બોલ્યોઃ
તારું આ કામ નઈ
તું બબડે છે ઘણું
વળી ખોવાયેલો જ હોય છે
હથોડી મંગાવું તો પાવડો ધરે છે
ને કપચીની જગાએ ઈંટ
તારું આ તગારું ઉપાડ ને ભાગ અહીંથી

મિસ્ત્રી થોડા દિવસ પર ગુજરી ગયો
પણ મારી સ્મૃતિમાં અકબંધ છે

કેળું ખાતું પંખી
ને પીળચટ્ટા પપ્પયાની પોલી દાંડી.

એસ. જૉસેફ
(કે. સચ્ચિદાનન્દનના અંગ્રેજી અનુવાદને આધારે)

૩. મલયાલમ કવિતાને નામ એક પત્ર

નદી કાંઠે એક દહાડો આપણે ભેગાં થયાં
ઠીક–ઠીક સમય સાથે પસાર કર્યો

નદીને બારી છે, એમ તેં કહેલું,
એમાંથી હું ઊડી જઈશ.
મારે ગામ જવા તારાથી છૂટા પડ્યા પછી પણ
તારા એ શબ્દો મારે કાને પડઘાતા રહેલા

નદીને જો બારી હોય તો એ મકાન હોવું જોઈએ
તને જો ઊડી જવાનું મન થતું હોય તો એ કેદખાનું હોવું જોઈએ

હું તો ગરીબ–ગુરબા વચ્ચે રહું છું
એમના જેવા જ ખોડીબારામાં
મળે એનાથી ભૂખ ઠારું છું
ઘણે આઘેથી પાણી વહી લાવું છું
બાપો મારો મને કૂતરો કહેતો સંભળાય છે
મારી માનું ઘુ–મૂતર સાફ કરું છું
પતરાં, ચપલાં, બોટલો ને કાગળો
મારું કામ છે એ વીણવાનું ને વેચવાનું
લોકો મને કચરાવાળાને નામે ઓળખે છે
ખટારા મારો કોથળો લેવાની ના પાડે છે

તેમ છતાંય મેં તને બોલાવી
અને તું આવી નહીં


તારા લોકોને જાણું છું
એમને તો મોટી ઇમારતો વધારે ગમે છે
એમણે તો તને
પદબંધને છંદોમાં કેદ કરી છે
બાકોરામાંથી જ તો તેં જગતને જોયે રાખ્યું છે
ઘરગથ્થું ચીજોથી ઘેરાઈને, એની આડશે
નથી ભૂલાતી તારી નજર
રેશમના લૂગડાંમાં સજ્જ મલપતી
કારમાં બસીને તું મંદિરે જવા ઝડપથી પસાર થઈ હતી ત્યારની
તું થાકી તો નથીને આ બધાંથી, કહેને?

જંગલમાં વિહરવાના
એક છોકરીના કોડ હોઈ શકે
ઘાસછાઈ ઝૂપડીમાં એને ઊંઘવું ગમી શકે
કચરાને કીચડમાંથી રસ્તો કરવો પણ પડે
તાપમાં એની ચામડી બળશે
વરસાદમાં એને તાવ આવશે

તને જોઈએ છે મુક્તિ, નહીં ? ખરું ને?
એ જ તો છે અમારી મૂડી
તું ચાહે તે બોલી શકશે
ઝરણામાં નાહી શકશે
વાડામાં આવતાં
પંખીઓ ભેગો કલબલાટ કરી શકશે
ઓટલે ચટાઈ પર બેસી શકશે
મા ને બાપો તને કંપની આપશે
કામેથી પાછો હું દોડતો આવીશ
રાબ ને કઠોળનું વાળુ કરીશું
કે પછી આભને જોયે રાખીશું
ઘુવડના અવાજે જો તું ડરી જઈશ તો
મારા સ્નેહથી તને હું ઢાંકી દઈશ.

એસ. જૉસેફ

(કે. સચ્ચિદાનન્દનના અંગ્રેજી અનુવાદને આધારે)



૪. મસ્સો

જેના ગાલે મોટો એક મસ્સો હોય
એવી એક છોકરીને હું ઓળખું છું
એ થોડેક આઘે રહેતી'તી
કાજુના ઝાડવાંવાળી ટેકરીઓ બાજુ
અમારા ઘર પાસેની ગલીમાંથી
એ પસાર થતી ત્યારે
મસ્સાને બાદ કરી એનો ચહેરો જોયે રાખતો

માથું નમાવી એ પસાર થઈ જતી

એ પેલા કઠિયારાની છોકરી તો નથી ને?
એને એકેય બહેનપણી નથી – મા કહેતી
વખત જતાં એક કઠિયારો એને પરણીને લઈ ગયો
પછી તો એનું કુટુંબ થયું ને છોકરાં પણ

ત્યાં હવે કાજુનાં ઝાડ નથી રહ્યાં

કોઈક કહેતુ હતું
મારાં કાવ્યોમાં કઈક ખૂટે છે

કદાચ પેલા મસમોટા મસ્સાને કારણે જ તો નહીં હોય ને?
મેં કહેલું.

એસ. જૉસેફ

(કે. સચ્ચિદાનન્દનના અંગ્રેજી અનુવાદને આધારે)



૬. પંક્તિઓ વચ્ચે

પંક્તિઓ વચ્ચે
ક્યારેક હું
તો ક્યારેક તમે
બને કે જીવતાં અટકી જઈએ
આમ તો આપણે એકબીજાંને ઓળખતાં નથી
બને કે આપણે એકબીજાંને જોયાં હોય
ગામમાં કે પછી દરિયા કાંઠે
એ તમે જ તો હતા
પુલની રેલિંગ પાસે ઊભેલા
કો'કને પુલ પરથી નીચે ઝૂકેલો જોઈ રહેલાં
અથવા તો આપણે કશેક મળેલાં
માંસ કે દવાઓ લેવાં નીકળ્યાં હતાં ત્યારે
આપણે તો સાવ સામાન્ય માણસો, ખરું કે નહીં?
જોકે આપણે અસામાન્ય કામો કરતાં જ રહીએ છીએ
તમે વાહન ચલાવે છો
કે પછી પેઢી ખોલો છે
તમે પરીક્ષામાં પાસ થાવ છો. તમે ગાઈ શકો છો ગીત.
હું કવિતા લખવાની મથામણ કરતો રહું છું.
આપણાં કાર્યો આપણા પછી પણ રહેશે
આમ લખતાં–લખતાં અધવચ્ચ હું જીવતો અટકી જઈશ
ને તમે પણ વાંચતાં–વાંચતાં, એમ જ અધવચ્ચે જ!

એસ. જૉસેફ

(કે. સચ્ચિદાનન્દનના અંગ્રેજી અનુવાદને આધારે)

૭. મારો પોત્તાનો...

નદી કાંઠે જન્મેલો
નદીને પોતાની ગણે

મારો જન્મ ડુંગર પર થયો
ત્યાં જ મોટો થયો

ડુંગર ઊતરું ને
વહેળો મળે

ત્યાં જ ન્હાતો
કપડાં ધોતો
માછલી પકડતો

મોટપણે
વહેળા ભેગો એને કાંઠે-કાંઠે આગળ ગયો
ખડકો સાથે માથું ભટકાયું
વળાંકેથી આગળ નીકળ્યો
વાંસનાં છોડવાની માહેથી
નાનકડાં પુલ તળેથી
વહેળો ભળ્યો મોટા વહેળામાં

ત્યાં જ ન્હાયો
કપડાં ધોયાં
માછલી પકડી

પછી વહેળા ભેગો હજીયે
આગળ ગયો

વહેળો તો ભળ્યો નદીમાં
જોકે હું પાછો ફર્યો

કેમ કે
હું તો છું માત્ર વહેળાનો કવિ
એક નાનકડો કવિ

મારો વહેળો મને પોકારે છે...

એસ. જૉસેફ
(પી. જે. બિનોયના અંગ્રેજી અનુવાદને આધારે)

૮. દશ્યો

તળેટી, તળાવડી
કૂતરાને નવડાવતાં બાળકો

તળાવડીમાં પલપલતી માછલીઓ

માછલીની મેશ આંજી આંખોમાં
કૂતરું બાળક સૂરજ
ને પંખી દૂરે ઊડ્યે જતું

આભની આંખે
તળાવડી તળેટી બાળક
ને ભરચક્ક ફોરેલું થન્નીનું ઝાડ

ચિત્તના ચહેરાયેલા કાચમાં
ધરતી આભ સૂરજ
ને ભીના શરીરને ચાટતું કૂતરું

તળાવડીમાં, ઘાસના તપતાં મેદાનોમાં
મોટા ખડકની ધારે
ને પેલા આભની પેલે પારે
કોઈ ભાળી શકશે
આ મનના સંતાપો ?

એસ. જૉસેફ
(પી. જે. બિનોયના અંગ્રેજી અનુવાદને આધારે)
(ગુજરાતી અનુવાદઃ **પીયૂષ ઠક્કર**)


લખું છું... કાગળ પર ચિત્રો લખતો કવિ



કુલદીપ કારિયા

હા,
આ સામે થાંભલો
એની ફરતે અજગર જેવી આળસુ પાઇપ
પાઇપમાં કહે છે પાણી
પણ હાલ તો મોઢું બાંધેલું છે.
થાંભલાથી થોડે ઉપર
આડી
સાપની કાચળી જેવી ટુકડે-ટુકડે, ખાલી-ખાલી પાઇપ
પાઇપમાંથી સરકતી નવી ચામડીમાં ચમકતી
સાપોલિયા ટોળકી
કહે છે તેમાં
પૂરજોરમાં વહે છે
કેટકેટલાય વોલ્ટનો કરંટઃ
ઝબકોળાય
ગટરના પાણીમાં
હા, આ
પાણીની અડતે છે તે પાટો
પાટા પર પૈડું
પૈડા પર ડબ્બો
ડબ્બાના દરવાજે
બેઠા બે ભાઈ, કમ્મરથી નમેલા
ગટરના પાણીને ઉલેચતાં
એમની આંખોના ડોળામાં
ટુકડે-ટુકડે ઊભી સાપની કાંચળી
કાંચળી અંદરથી સરતી ચમકતી સાપોલિયા ટોળકી અને હા,
ઉપરથી સહેજ છેટે આડો એક થાંભલો
થાંભલા ફરતે અજગર- અજગરનું મોઢુ ખુલ્લું-
મોઢામાં-?

O પીયૂષ ઠક્કર



અનુઆધુનિક કવિતાનું એક લક્ષણ એ છે કે તે ભૂતકાળમાં કળામાં આવેલી તમામ ચળવળો અને યુગોમાંથી જે કાળની શૈલી આવશ્યક જણાય તેનો ઉપયોગ કવિતા સિદ્ધ કરવા માટે કરે છે. એ પ્રમાણે જ આજની ભાષાશૈલીમાં નવાં નવાં પ્રતીકો સાથે સરરીયલિઝમની છાંટ આ કવિતામાં જોવા મળે છે. પાણીની અજગરની સરખામણી પાણીની પાઇપ સાથે કરાઈ છે. કારણ કે પાઇપલાઇનો આજકાલ આખા શહેરની તરસને અજગરભરડો લઇને બેઠી છે... મોઢામાં? અહીં કવિતા પૂરી થઈ જાય છે. આ કવિતાનો આસ્વાદ કરાવવાનો બિલકુલ ઇરાદો નથી અજગરના મ્હોંમાંથી શું નીકળે છે એ પાણીના નળ પાસે બેડા લઈને ઊભેલા લોકોને પૂછી લેશો તો સમજાઈ જશે.

થોડા સમય પહેલા ગુજરાતી ભાષામાં *લખું છું...* નામની એક સુંદર ઘટના બની. સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીમાંથી ચિત્રકળામાં સ્નાતક થયેલા, મૂળ ભરૂચના મિયા માતર ગામના અને હાલ વડોદરામાં બળવં પારેખ સેન્ટર ફોર જનરલ સિમેન્ટિક્સ ઍન્ડ અધર હ્યુમન સાયન્સીઝમાં એકેડમિક એસોસિએટ અને પ્રોગ્રામ ઑફિસર તરીકે નોકરી કરતા પીયૂષ ઠક્કરનો કાવ્યસંગ્રહ સાહિત્ય અકાદમી (નવી દિલ્લી) દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો.

સિતાંશુ યશશ્ચંદ્રએ *વખાર* કાવ્યસંગ્રહમાં લાભશંકર ઠાકર માટે એક કવિતા લખી છે. તેમાં તેઓ કવિને ઉદ્દેશીને લખે છે કે

શરબતો પીપીને,
ઢીલી મીઠાઈ લાસલૂસ ખા ખા કરીને
અન્નને નામે હવે અમને ઉબકા આવે છે.

અમારાં જઠરમાં આગ લગાડ લાંઘણોની
તૂરા કડવા રસથી અમારી જીભને ઝાટકા માર...

આજની તારીખે પણ ગુજરાતી ભાષાકર્મીઓ અભ્યાસના અભાવે ગળચટ્ટાં કાવ્યોમાં અને તુકબંધીમાં ડૂબેલા છે ત્યારે કવિ પીયૂષ ઠક્કર પણ મરી ગયેલી ભૂખને સજીવન કરવા જીભને કડવા અને તૂરા રંગના ઝાટકા મારે છે. મારું માનવું છે કે સિતાંશુએ આ કવિતા માત્ર લા.ઠા. માટે નહીં પરંતુ તેમની હારના અને તેમના પછીના તમામ કવિઓ માટે લખી છે.

કવિતા એટલે કલ્પના વત્તા નિરીક્ષણ વત્તા બીજું કંઈ... આ બીજું કંઈ દરેક કવિ માટે જુદું-જુદું હોઈ શકે છે. ગઝલના ધોધ વચ્ચે કવિ અછાંદસ અવાજ લઈને આપણી વચ્ચે ઉપસ્થિત થયા છે એ તેમને પ્રથમ દૃષ્ટિએ જ બધાથી નોખા પાડી દે છે. આમ પણ પૂર્ણ કવિતા સુધી પહોંચવા માટે દરેક કવિએ ક્યારેકને ક્યારેક અછંદ સુધી જવું જ પડે છે એવો મારો સરાજાહેર અંગત મત છે.

પીયૂષભાઈ પાસે આધુનિક કલ્પનો છે. ઇમેજિઝમ એ તેમના પદ્યની વિશેષતા રહે છે. જોકે વાત ઇમેજથી આગળ જઈને કવિતા સુધી પહોંચે છે એ સૌથી મોટી વાત. સુરેશ જોશી અને ગુલામમોહમ્મદ શેખ મારા પ્રિય કવિ છે, પરંતુ ચિત્રકાર વત્તા કવિ પીયૂષે કલ્પના શક્તિનો ઉપયોગ બહુ જ ખપપૂર્વક કર્યો છે. ક્યાંય કલ્પનોના થર બાઝી ગયા હોય એવું જરાય લાગ્યું નથી. હા, કેટલીક જગ્યાએ માત્ર સંવાદ થતો હોય એવું જરૂર દેખાય છે.

કવિતાના શીર્ષકોની વાત કરીએ તો 'એક અર્થ અંદરનો', 'પ્લૅટફૉર્મ પરની સાંજ', 'ગૂમડું', 'દેહાન્તર'- આવું, 'કામની વાત બસ એક જ'- આવું વિષયવૈવિધ્ય જોવા મળે છે.

એવું કહેવાય છે કે જો તમારે કોઈ દેશનો ઇતિહાસ જાણવો હોય તો તે દેશના કવિઓને વાંચો. પીયૂષની કવિતામાં આવતીકાલનો ઇતિહાસ ઝિલાયો છે. સાંપ્રતનો પડછાયો અને પ્રતિબિંબ બંને જોવાં મળે છે.

આટઆટલા ગૅસથી ભરેલા રંગબેરંગી ફુગ્ગા હોવા છતાં
ઊડી ન શકતા ફુગ્ગાવાળા માટે સહાનુભૂતિ રાખવી

આ જ કવિતામાં કવિ આગળ લખે છે...

અડધા બૂડેલા અને અડધા બહાર ગણપતિના માથે
ગામને ડીજેમાં થનગનતું જોવું

ફ્લાયઓવર પરથી ગામને સડસડાટ પાર થતા જોઈ
એકવીસમી સદી માટે ઘેલાં કાઢવાં

બાકસનાં ખોખાં જેવી દુકાનો તોડી પડાતા સ્થળાંતરિત થયેલા વેપારીઓને
નસીબની બલિહારીની કથા કહેવી

કવિતામાં ત્રણ વાત લખાય છે. જીવાતા જીવનની વાત. જીવવાની ઇચ્છા હોય પણ ન જીવી શકાતું

આટઆટલા ગૅસથી
ભરેલા રંગબેરંગી
ફુગ્ગા હોવા છતાં
ઊડી ન શકતા
ફુગ્ગાવાળા માટે
સહાનુભૂતિ રાખવી

બાકસનાં ખોખાં જેવી
દુકાનો તોડી પડાતા
સ્થળાંતરિત થયેલા
વેપારીઓને
નસીબની બલિહારીની
કથા કહેવી
- પીયૂષ ઠક્કર

જીવન જેને ઇલિયટ એસ્કેપ ફ્રોમ પર્સનાલિટી કહે છે અને ત્રીજું- આપણી આસપાસ બનતી ઘટનાઓના પડઘા...

અહીં આ ત્રણે બાબતોને ચિત્રકાર કવિએ જાણે બ્રશ વડે લસરકા મારીને લખી છે. 'એક અર્થ બહારનો' કવિતામાં સાંપ્રત કેદ થયો છે; તો 'એક અર્થ અંદરનો'માં કવિને પ્રવર્તમાન સાથેના આંતરિક સંઘર્ષમાં અનુભવાયેલી અકળામણ... કેટલીક પંક્તિઓ જોઇએ;

પોતાની જ ઊડતી ભુકી વચ્ચે
અપૂજ શિવલિંગની જેમ પડ્યા રહેવું
***
મધરાતે ગુરુત્વાકર્ષણના નિયમ વિરુદ્ધ ઊંઘનું ઊડી જવું.

ઊંઘ ઊડવી એ શબ્દમાં ઊડવું શબ્દનો કવિએ શ્લેષ કરીને આગવા કવિકર્મનો પરિચય આપ્યો છે.

પોતાના જ કુટુંબને પોતપોતાની ઊંઘનો છેડો પકડી
અંધારાને વિસ્ફારિત આંખે તાકતા જોઈ રહેવું

ક્યા બાત... 'એક અર્થ અંદરનો' એ કવિતામાં પારિવારિક કલહની અભિવ્યક્તિ ભલે થઈ હોય પરંતુ કવિએ અહીં તેનો ઉલ્લેખ કરીને એ પણ ઇંગિત કરી દીધું છે કે પરિવાર એ કોઈ બાહ્ય ઘટના નથી, પરંતુ આંતરમનનો હિસ્સો છે.

સપનાં અને દુઃસ્વપ્ન વચ્ચેનો ભેદ ભૂંસાતો જોવો
નક્ષત્રોના યુદ્ધમાં ખરતા તારાને
મધરાતે ચઢેલી ઉધરસમાં આંખોમાં ઘૂઘવતા જોવા

અહીં કવિતા હાઇટ પકડે છે... મેં આંગળી ચીંધી છે; હવે ભાવકે એ દિશામાં નજર માંડવાની છે. આ કવિ ઝાડની બદલે વાદળની છાયા પર લખે છે. અધૂરી વાત પર લખે છે, તડ પર લખે છે, અંધકારનો ગ્રાફ લખે છે, ગર્ભપ્રવેશ લખે છે અને એક કલાકારનું વ્યાકુળ રૂપક પણ લખે છે. કવિ ક્યાંક સહેજ મંદ પડે છે, પણ ક્યાંય ગળચટ્ટા નથી બનતા એ તેમની મોટી સિદ્ધિ છે.

પડખું બદલ

આમ ને આમ પડ્યો રહીશ તો
ભાષાની પીઠ પર ભાઠા પડશે

આવું લખીને કવિ સાંપ્રત કવિઓને રોમેન્ટીસિઝમમાંથી બહાર નીકળવા ઠમઠોરે છે. ઊંઘમાંથી જગાડવા મથે છે. નિયમિતપણે ઘરના ફળિયામાં આવતી ખિસકોલીનું હુલામણું નામ ટીનકી અને કવિ આ વિષય પર પણ કવિતા છેડે છે. ખિસકોલીને પોતાનું હુંફાળુ સપનું એક કલાકાર જ ખાવા આપી શકે...

એક જ વિષય પર ત્રણ-ત્રણ કવિતા લખીને કવિએ એક જ વિષયવસ્તુને જુદા-જુદા ડાયમેન્શનથી જોવા-દેખાડવાની કાવ્ય-સરાબોર કોશિશ કરી છે.

પત્નીને સંબોધીને લખેલું એક કાવ્ય...

ભીંત પરના રંગની પોપડીઓ ફૂણી પડી, બુઠ્ઠી થઈ
નાનકડી ઓરડીમાં વસ્તુઓ વચ્ચે

પડખું બદલ
આમ ને આમ પડ્યો
રહીશ
તો ભાષાની પીઠ પર
ભાઠા પડશે
- પીયૂષ ઠક્કર

ભીંસાઈ-ફેલાઈ રીઢાં અંધારાં જરાક નમ્ર થયાં
ચ્હાના કપમાંથી ઊકળતી બાષ્પમાં
થીજેલા હાડને ઓગાળતી, ઉશ્કેરતી, હંફાવતી
રાની પશુની ગંધ મળી, બારી પર
હરફરતી લસરકતી ખિસકોલીના ટકટકના અવાજમાં
ઊઘડતો એક બીજોય ઓરડો જોયો, કઠેડા પર
ડગમગતા કબૂતરના ફફડાટમાં
ઉજાગરી આંખે અંકાયેલ રક્તવર્ણી તરડો વિખરાઈ
વળી આકાશને...

પત્ની સાથેના પ્રેમની આટલી ફ્રેશ અને નવી અભિવ્યક્તિ તમે ક્યાંય વાંચી છે ખરી? ગુજરાતી સાહિત્યમાં જે કંઈ નવતર બની રહ્યું છે એ જૂજમાં આ કાવ્યસંચય એક નોંધપાત્ર બનાવ ગણાવો જ જોઈએ એમાં કોઈ બેમત નથી. કવિ અછાંદસને ભલે વળગી રહ્યા, પરંતુ તેમાં પણ તેમણે અલગ-અલગ ફોર્મ અજમાવ્યા છે એ આવકારદાયક, પ્રેરક અને પ્રસંશનીય છે.

ભાઈ પીયૂષ ઠક્કર એક કટિબદ્ધ અને કવિતાબદ્ધ સર્જક છે. ઘડિયાળના લોલકની જેમ તેમની કવિતા આધુનિકતા અને અનુઆધુનિકતા વચ્ચે સંગીતમય ઝૂલણ ઝૂલતી રહે છે અને એ જ એની મજા છે. વારંવાર વાંચવી ગમે એવી કલમ... *લખું છું...* કહેતી પીંછી અછાંદસ કેન્વાસ પર કાયમ લખતી રહે એવી શુભકામના.

(લખું છું... પીયૂષ ઠક્કર, સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી, ૨૦૧૫, ડે.૧૦૪, રૂ. ૧૦૦/– છ ખંડોમાં વિભાજિત અછાંદસ કાવ્યરચનાઓ)


આ અંકના ફોટોકલાકાર



આશાસ્પદ યુવા ફોટોકલાકાર ઈદ્રુસ અરસ્યદ (Idrus Arsyad) ઈન્ડોનેશિયાના મકાસ્સર શહેરના રહેવાસી છે. જન્મ ૧૯૬૯માં રપ્પાન્ગ નામક ઉપજાવ જમીનવાળા ગામમાં. પ્રથમિક શિક્ષણ દરમ્યાન કલાની દરેક બાબતમાં રસ . વાર્તાઓ અને કાવ્યો પણ લખ્યાં. પુસ્તકાલયમાં ચિત્રો જોઈને ચીતરવાની કોશિષ કરી પણ ન ફાવ્યું. મૂળ વાણિજ્યના સ્નાતક અને ઑડિટર તરીકે કામ કરતા આ કલાકારે ૨૦૦૨ પછી આધુનિક કૅમેરા વસાવ્યો અને ફૉટોગ્રાફીના ગંભીર આયામોથી વાકેફ થવા લાગ્યા. તેઓ કહે છે : ફોટોગાફી દ્વારા મારી કળા પ્રદર્શિત કરું છું ત્યારે મારી જાતને મારા ફોટોને પાશ્વાદ ભૂમાં ભાળું છું... સરળ વાર્તા, કવિતા, પ્રકૃતિ, કલ્પના, સંદેશો, અને એ દરેક વસ્તુ જે હું બાળપણમાં ન વ્યક્ત કરી શક્યો તે હું મારી ફોટોગ્રા ફીમાં કલાત્મક રીતે વ્યક્ત કરી રહ્યો છું. મને હરીફાઈમાં રુ ચિ નથી. પણ મારી કળા લોકો સુધી પહોંચે તે ગમે છે.. તેમને ફોટો સા ઇટ Pixoto, Viewbug વગેરેના ઘણા પુરસ્કારો પ્રાપ્ત થયા છે, 500Px નામક વેબ સાઈટ પર તેમનું કામ માણી શકાય છે

0 અગ્રિમ મણિપુરી દૈનિક 'પોક્નાફમ'ના પ્રથમ પાને 'નિસ્યંદન'ના મણિપુરી કવિતા વિશેષાંક વિશે નોંધ.





গুজরাতিদা মণিপুরী শৈরেংশিং ফোঙখ্রে

ইম্ফাল, জুন ৩০ঃ গুজরাতি পোইত্রিগী ই-মেগাজিন 'নিস্যান্দন' গী অথমবা মশীং ওইনা হন্দক মণিপুরী শৈরেংশিং গুজরাতিদা হন্দোক্লুনা ফোঙখ্রে।

জোগেশ বাইলানা এদিতর ওইবা মেগাজিন অসিদা ব্রজেন্দ্র ইবোমচা, থাংজম ইবোপীশক, রোবীন এস ঙাঙোম, মেমৈবী, আর কে ভুবনস্না, ইলাবন্ত য়ুম্নাম, বোরকনা, গজিনী, দিলীপ মঙেং-বম, শরৎচান্দ থিয়াম্মসিংবগী শৈ-রেংশিং হন্দোক্লুনা ফোঙলি।

0 મણિપુરના અગ્રિમ અંગ્રેજી દૈનિક 'ઈમ્ફાલ ફ્રી પ્રેસ'ના પ્રથમ પાને 'નિસ્યંદન'ના મણિપુરી કવિતા વિશેષાંક વિશેની નોંધ.



performing post mortem, the reports added.

Gujarati E-Magazine brings out Manipur poetry special issue

IMPHAL, Jul 2: The Gujarati E-Magazine of Poetry, Nisyandan, has come out with a a Manipuri poetry special titled "This is a humble beginning of building a bridge".

The issue features 24 contemporary poets of Manipuri language and their 50 poems, two in depth article by Manipuri critics, Gujarati translations of Manipuri poems with facility to read them in English.

PDF copies of the special Issue is available on request from mryogi62@gmail.com, an internet circular said.

It can also be downloaded from the E-magazine's website: http://yogish.co.in

The E-Magazine is also available on facebook at the following URL https://www.facebook.com/Nisyandan

The E-Magazine's editorial team said comments are welcomed on its effort and encouraged readers to spread the news of the special issue. This can also be done by putting a "like" on its facebook page, the team said in its communiqué.

Krishnamohon's body accepted

normally takes two years, however, considering the importance of the bridge efforts are made to complete it within a

Case registere[d] for swindling

By A Staff Reporter

IMPHAL, July 2: Director of Minorities and Other Backward Classes (MOBC) Department has registered a case against an employee of the department identified as Shaikh Mujibur Rehman for siphoning off a scholarship amount of Rs 1, 67, 000 to be given away to a student, revealed Chief Minister O Ibobi Singh.

He was responding to a motion for disapproval of policy cut raised by MLA Dr I Ibohalbi Singh while putting up Demand No 47 – discussion on grant of Rs 34, 87, 58, 000 for Minorities and Other Backward Classes (MOBC) for 2015-16 in the ongoing

Use of cell phon[e] session distur[b]

By A Staff Reporter

IMPHAL, Jul 2: The use of mobile phones by plain clothes police personnel deployed at the 'Press Gallery' of the Assembly for the ongoing 11th Session of 10th Manipur Legislative

0 પૂર્વોત્તરના અગ્રિમ વેબ-પોર્ટલ 'ઈ-પાઓ'એ 'નિસ્યંદન'ના મણિપુરી કવિતા વિશેષાંક વિશેની નોંધને સ્થાન આપ્યું.



O આપના પ્રતિસાદ......

O Manipuri poetry escaped the confines of Manipur valley : "Clap … clap … clap." It takes two hands to clap. Since we have heard the big clap of admiration loud and clear, we are sure that two hands must have been working together.

Well, in this case our presumption is not wholly correct. Of course, two hands are there but one did all the work while the other remained a bystander. This is the analogy of what happened while working to bring out the much acclaimed anthology of Manipuri poems translated into Gujarati.

Contacting a large number of Manipuri poets, collecting their poems translated into either English or Hindi, making selection for an anthology, translating into Gujarati – it is not an easy task by no means. Yogesh Vaidya, Editor : Nisyandan, worked tirelessly to make it happen. He was supported by a team of ablest Gujarati translators. Their labour has fruited.

'Nisyandan' brought out a special issue devoted to Manipuri poetry translated into Gujarati. Works of 24 poets are featured in the volume. Gujarati version of Robin S Ngangom's write-up 'Contemporary Manipuri Poetry – An Overview' and Naorem Bidyasagar's article 'A Brief History of Manipuri Poetry' are also there.

Even though people in Manipur cannot read Gujarati, they received it with the greatest enthusiasm for propagating literary activities of Manipur to other regions of the country. Many popular Manipuri and English dailies published from Imphal flashed the news about the publication of the special issue of Nisyandan. Literary circles have applauded the anthology, "It is one of the rare occasions when writings in Manipuri escaped the confines of Manipur valley to reach out to readers in another language." **- Tayenjam Bijoykumar Singh**

O Dear Shree Yogesh Vaidyaji, Nisyandan is a fantastic work of yours for which all of us Manipuri writers/poets should appreciate all the Gujarati scholars in your team. Words will only fail how to show our gratitude.
They say 'thank you' is the best expression in such situations. So I, on behalf of all from Manipur, would like to say 'thank you' to all of you for your superb E-book publication. I am sure all others will follow the suit. Your feat of wisdom is of high-level of thinking to bridge up between people of different languages.
- Jodha Chandra Sanasam

O It's "A bridge too near" connecting east & west through your laudable efforts and Nisyandan. I never dreamed such a dream will come true. In fact Manipuris have a place in literature in the vast sea of Gujarati poems. It's just a begining of Nisyandan whose dictionary there is no word "impossible". **- Soubam Tomba Luwang**

O Thanking you "Nisyandan "for special issue of Manipuri Poietry. We have

"It is one of the rare occasions when writings in Manipuri escaped the confines of Manipur valley to reach out to readers in another language."

- Tayenjam Bijoykumar Singh

"Words will only fail how to show our gratitude. They say 'thank you' is the best expression in such situations. So I, on behalf of all from Manipur, would like to say 'thank you' to all of you"

- Jodha Chandra Sanasam

"I never dreamed such a dream will come true. In fact Manipuris have a place in literature in the vast sea of Gujarati poems."

-Soubam Tomba Luwang

nothing to say other than thanking you as its editor and trnanslators,Viraf kapadia.Manisha dave,Suhag dave,Nilaben pandya,Mahendra Odhariya for extending their support for this issue. Although some of the Manipuri poems were already published in English translations in other webside earleir it is the first time a regional language webside i.e.gujarati language has published the ‘ Manipuri Poetry special isse’ comprising poems of various wrtires of different age and place. As we could not read gujarati translations,it will be very beneficial and interesting to us if you could intimate us the impressions created by the Manipuri Poetry to the gujarati readers.You have shown again that literature has no barreir.You may takeup another language again.We will extend our full co operation in your near venture. **- Rajkumar Bhubonsana,Imphal.**

o તમે બહુ જ પ્રશંસનીય કાર્ય તો કરો જ છો પણ તેનું પ્રોડક્શન અને નિયમિતતાનો હું આશક છું, બિલકુલ નિઃસ્વાર્થભાવે તમે એ કરો છો એ વિશેષ સરાહનીય છે.**- રજનીકુમાર પંડ્યા**

o ઘણા ઘણા દિવસોથી ગાયબ હતા તેથી મનમાં સહેજ ઉચાટ હતો. મનમાં એમ પણ હતું કે મળશો ત્યારે આ નહીં મળવાના બધા દિવસોનું સાટું વાળી દેશો. થયું પણ એમ જ. છેક મણિપુર જેવડી લાંબી ડૂબકી મારીને તમે કેટલાંક મોતી લઈ આવ્યા. દોથા ભરીભરીને આવ્યા એટલે ભેગાં છીપલાં, કોડી-કોડા, રેતી, શેવાળ, ફીણ પણ આવે. આવે. સૌ કવિઓનું, અનુવાદકોનું, તસ્વીરકારોનું, તમારું અભિવાદન. આનંદ. દર વખતની જેમ ‘નિસ્યંદન’નો આ અંક રળિયામણો રૂપકડો છે. (કેટલીક તસ્વીરો આંખ સામે ને સામે રહે છે.) પણ નકરાં દુઃખદુઃખદુઃખનાં કવિતથી ભારઝલ્લો થયો છે. આ કવિઓનાં કાવ્યો ગમ્યાં છેઃ બિરેન્દ્રજિન નાઓરેમ (યોદ્ધો, ટપાલ), ગામ્ભિની સારોખૈબમ્ (મને પૂછશો નહીં), યુલેમ્બામ ઈલોમ્યા (સ્વપ્નની વાર્તા), રોબિન એસ. ન્ગાંગમ્ (પહેલો વરસાદ), રઘુ લેશાંથેમ્ (શિશુ અને માતા), નાઓરેમ બિદ્યાસાગર (શરણાર્થીની ગીતા, લીલું ફ્નેક), ક્ષેત્રિમયમ્ સુબદાની (પ્રકાશ), સલામ તોમ્બા (વિઘટન), તયેંજમ બિજોયકુમાર સિંહ (સ્ત્રી) અને કે. કુલધ્વજા (એકાકી જંગલ). અને તમારી સૌની મથામણ મથામણ મથામણ. **- રમણીક અગ્રાવત**

o અભિનંદન મણિપુરી કવિતાના વિશેષાંક બદલ. ઘણા ગુજરાતી સાહિત્યકારો પરભાષાના સાહિત્યકારોને મળતા હોય છે; પણ એ ભાગ્યે જ જે તે સાહિત્યકારોનો અને જે તે ભાષાના સાહિત્યનો પરિચય આપતા હોય છે. એટલે જ તો ભારતમાં છેક છેવાડાની ભાષામાં શું બની રહ્યું છે એનો આપણને ભાગ્યે જ ખ્યાલ આવતો હોય છે. ફરી એક વાર અભિનંદન. **- બાબુ સુથાર**

o શ્રી.યોગેશભાઈ ખૂબ ખૂબ આભાર.મણિપુર વિશેનો અંક ખૂબ મહેનત કરી તૈયાર કર્યો છે. પૂર્વનાં અન્ય રાજ્યો માટે પણ આ થવું જોઈએ. તમારું આ કામ ઐતિહાસિક છે. ઈશ્વર તમને વધુ શક્તિ આપે. **- ઠાકોર દીવાન**

o યોગેશભાઈ, તમે ખરેખર કમાલ કરી છે. તમે આ ખાસ અંક આપી મારા જેવા કવિતાપ્રેમીને માલામાલ કરી દીધા છે. તમે વાચકોની નાડ પારખી લીધી લાગે છે ! મણિપુરના લોકો હજી પણ નિર્દોષ જીવન જીવી રહ્યા છે તે તેઓની રચનાથી પામી શકાય છે. વળી તસવીરોના સંગાથે મણિપુરમાં રમમાણ થઈ કવિતા માણી એ અદકલ્હાણ થઈ. તમને ખૂબ શાબાશી. **- રમેશ બાપાલાલ શાહ.**

o ખરેખર તમે પુલ બાંધવાનું જ સુંદર કામ કર્યું છે. ખૂબ ખૂબ અભિનંદન. ખાસ્સી મહેનત પડી હશે પણ કામ તેવું જ સુંદર થયું છે. **- કલ્પના દેસાઈ**

“It is the first time a regional language webside i.e.gujarati language has published the ‘Manipuri Poetry special isse’ comprising poems of various wrtires of different age and place.”

- Rajkumar Bhubonsana

“ ઘણા ગુજરાતી સાહિત્યકારો પરભાષાના સાહિત્યકારોને મળતા હોય છે; પણ એ ભાગ્યે જ જે તે સાહિત્યકારોનો અને જે તે ભાષાના સાહિત્યનો પરિચય આપતા હોય છે. એટલે જ તો ભારતમાં છેક છેવાડાની ભાષામાં શું બની રહ્યું છે એનો આપણને ભાગ્યે જ ખ્યાલ આવતો હોય છે. અભિનંદન. “

- બાબુ સુથાર

આપણાં ગીત

તું મીંઢળ જેવો —

તું મીંઢળ જેવો કઠ્ઠણ
ને હું નમણી નાડાછડી,
તું શિલાલેખનો અક્ષર
ને હું જળની બારાખડી.

એક આસોપાલવ રોપ્યો –
તેં આસોપાલવ ફળિયે રોપ્યો તોરણમાં હું ઝૂલી,
તું અત્તરની શીશી લઈ આવ્યો પોયણમાં હું ખૂલી;

તું આળસ મરડી ઊભો
ને હું પડછાયામાં પડી...

એક પાનેતરમાં ટાંક્યું –
મેં પાનેતરમાં મોતી ટાંક્યું પૂછ્યાં તેં પરવાળાં,
મેં શ્રીફળ ઉપર કંકુ છાંટ્યું પૂછ્યા તેં સરવાળાં;

તું સેંથામાં જઈ બેઠો
ને હું પાંપણ પરથી દડી....

વિનોદ જોશી

હમણાં જેમને સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર અપાયો તેવા કવિ વિનોદ જોશીએ લય અને ભાવની ભાતીગળ ગૂંથણી વાળાં નમણાં અને નોખાં તરી આવતાં ઉત્તમ ગીતો આપણને આપ્યાં છે.

રમેશ પારેખની ગીત-તરાહોના ચુંબકીય ક્ષેત્રમાંથી બહાર નીકળીને આ કવિએ ગીતોને એક નવો ઉઘાડ આપ્યો છે.

તેમનાં ગીતો ગુજરાતી ભાવકો અને ગાયકોના ખૂબ લાડ પામ્યાં છે.

